# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-10-2023** | **Midday : 2.30 to 2.35**

**Day : Thursday** | **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

---------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CRICKET WORLD CUP

ICC એક દિવસીય વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધાનો અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આજથી આરંભ થયો છે. સ્પર્ધાની પહેલી મેચમાં ન્યુઝીલેન્ડ અને ઈંગ્લેન્ડ વચ્ચે મુકાબલો થઇ રહ્યો છે. ન્યુઝીલેન્ડે ટોસ જીતીને પહેલા ફિલ્ડીંગ કરવાનો નિર્ણય લીધો હતો.. છેલ્લા સમાચાર મળ્યા ત્યારે ઇંગ્લેન્ડે 6 ઓવરમાં વિના વિકેટે 34 રન કર્યા છે.

અમારા અમદાવાદના સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે, અમદાવાદના મોટેરા વિસ્તારના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિત અન્ય વિસ્તારોમાં સલામતી વ્યવસ્થાના ભાગરૂપે સાડા ત્રણ હજારથી વધુ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. સાવચેતીના ભાગરૂપે આજથી 19 નવેમ્બર સુધી અમદાવાદના તમામ વિસ્તારમાં ડ્રોન, એર ક્રાફ્ટ, પેરા ગ્લાઈડર, હોટ એર બલૂન જેવા સાધનો ઉડાડવા પર અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા મનાઈ ફરમાવાઇ છે.

## VIBRANT SUMMIT 20 YEARS

વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકાર પરિષદને 20 વર્ષ પૂર્ણ થયા છે એ નિમિત્તે યોજાઇ રહેલા વિવિધ કાર્યક્રમો અંતર્ગત આવતીકાલે દિલ્હીમાં ખાસ કર્ટેન રેઇઝર કાર્યક્રમનું આયોજન કરાશે.

કાર્યક્રમની શરૂઆતમાં દ્રશ્ય- શ્રાવ્ય ફિલ્મ દ્વારા માહિતી અપાશે તેમજ ગુજરાતના ખાણ અને ઉદ્યોગ વિભાગના સચિવ એસ.જે. હૈદર વાયબ્રન્ટ ગુજરાત પરિષદ અંગે પ્રેન્ઝન્ટેશન આપશે. ત્યારબાદ અગ્રણી

ઉદ્યોગપતિઓ ગુજરાતમાં તેમના અનુભવો અંગે વાત કરશે અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મુખ્ય સંબોધન કરશે. આવતીકાલે સાંજે મિશનના વડાઓ સાથે વાર્તાલાપનો કાર્યક્રમ યોજાશે, જેમાં કેન્દ્રિય વિદેશમંત્રી એસ. જયશંકર સંબોધન કરશે.

# GUJ. PASHU DAVAKHANA

રાજ્ય સરકારે “10 ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના” ની યોજના અંતર્ગત ચાલુ વર્ષે EMRI-GHS મારફતે 250 નવા ફરતા પશુ દવાખાના શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

પશુપાલન મંત્રી રાઘવજી પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, 200 નવીન ફરતા પશુ દવાખાના બિન-આદિજાતિ વિસ્તારમાં અને 50 નવીન ફરતા પશુ દવાખાના આદિજાતિ વિસ્તારમાં શરૂ કરવામાં આવશે. જેના માટે કુલ 17 કરોડ 75 લાખ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે, હાલમાં ગુજરાતમાં કાર્યરત 460 મોબાઈલ પશુ દવાખાના થકી અત્યારે 5 હજાર 300થી વધુ ગામના પશુઓને વિનામૂલ્યે સારવાર સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

## SARDAR SAROVAR DAM- VIJALI

સરદાર સરોવર નર્મદા ડેમના બે પાવર હાઉસ દ્વારા અત્યાર સુધી 11 હજાર કરોડ રૂપિયાનું વીજ ઉત્પાદન થયું છે. RBPH અને CHPHમાંથી 1 હજાર 391 મિલિયન યુનિટ વીજળી પેદા થઈ છે, જેની કિંમત 280 કરોડ રૂપિયા જેટલી આંકવામાં આવી છે. મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં સારા

વરસાદને પગલે હાલ સરદાર સરોવર નર્મદા ડેમમાં વિપુલ પ્રમાણમાં પાણીની આવક થઈ રહી છે. જેને લઈને સરદાર સરોવર નર્મદા ડેમ ખાતે કાર્યરત પાવર હાઉસમાંથી રેકોર્ડ બ્રેક વીજળી પેદા થઈ છે. હાલ કાર્યરત બંને પાવર હાઉસ 2005માં શરૂ કરવામાં આવ્યા હતા.

અમારા નર્મદા જીલ્લાના પ્રતિનિધિ દિપક જગતાપ જણાવે છે કે, સરદાર સરોવર નર્મદા ડેમની 532 કિલોમીટર લાંબી કેનાલ દ્વારા 21 લાખ 29 હજાર હેક્ટર જમીનમાં સિંચાઈનું પાણી પહોચ્યું છે.

# MEHSANA- TARAN SPRDHA

દિલ્હી ખાતે યોજાયેલ રાષ્ટ્રીય તરણ સ્પર્ધામાં મહેસાણાની સાર્વજનિક સાયન્સ કોલેજની વિદ્યાર્થીની પ્રિશા પ્રજાપતિએ તરણની વિવિધ સ્પર્ધાઓમાં કુલ આઠ ચંદ્રકો જીત્યા હતા. જેમાં 400 મીટર સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક, 200 મીટરમાં સ્પર્ધામાં રજત ચંદ્રક, 100 મીટર સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. 100 મીટર મોનોમાં કાંસ્ય ચંદ્રક તેમજ અન્ય મિક્સ અને મોનોમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો. કોલેજ દ્વારા તેને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# VANY PRANI SPTAH

દાનહ અને દમણ- દીવ વન વિભાગ દ્વારા વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે, જે અંતર્ગત કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં વન વિભાગ અને દેવકા ઇકો પાર્કમાં શાળાના બાળકો દ્વારા રેલી અને વન

ભોજનનું આયોજન કરવામાં આવ્યું.. આ રેલીમાં વન વિભાગના અધિકરીઓ સહિત અનેક લોકો હાજર હતા.

નર્મદા જિલ્લામાં પણ બીજીથી આઠમી ઓક્ટોબર દરમિયાન વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી- રાજપીપળા સંચાલિત સ્કૂલ ઓફ સાયન્સ દ્વારા ૩જી ઓક્ટોબર મંગળવારના રોજ વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

## DANG- MILLETS MELO

ડાંગ જિલ્લાનાં નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકનાં વઘઇ બરછટ ધાન્ય સંશોધન કેન્દ્ર ખાતે મિલેટસ કૃષિ મેળો તથા મહિલા ખેડૂત મંડળને મિલેટ પ્રોસેસિંગ મશીન વિતરણ અને પ્રગતિશીલ ખેડૂતોને એવોર્ડ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.